# ધ સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : આદિપુર (કચ્છ) ગુજરાત
CIN # U45300GJ1948PLC001115
પ્લોટ નં.૪ અને ૫, ડીસી–૩, આદિપુર (કચ્છ) ૩૭૦૨૦૫
Ph.(02836) 260404 E-mail : src@sindhu-src.org Website : sindhu-src.org

## સુચના

કંપની અધિનિયમ, 2013 ની કલમ 152 અને 160 તથા કંપનીઓ (ડિરેક્ટરોની નિમણૂક અને લાયકાત) નિયમો, 2014 ના નિયમ 13 મુજબ આથી સૂચિત કરવામાં આવે છે કે કંપનીને નીચે દર્શાવેલ ઉમેદવારો પાસેથી સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન લિમિટેડના ડિરેક્ટર પદ માટે અરજીઓ પ્રાપ્ત થઈ છે. આ અરજીઓ કંપનીની 78મી વાર્ષિક સામાન્ય સભા (AGM), જે સોમવાર, તા. 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ સાંજે 5:00 વાગ્યે વિડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા આદિપુર (કચ્છ) સ્થિત કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાંથી યોજાનાર છે, તેમાં સભ્યોના વિચાર માટે રજૂ કરવામાં આવશે.

આ સૂચના કંપનીની વેબસાઇટ www.sindhu-src.org પર પણ ઉપલબ્ધ છે.

| ક્રમ નંબર | વિગત | ડી.આઈ.એન. |
|---|---|---|
| કલમ 152 હેઠળ નિવૃત્ત થતા અને પુનઃચૂંટણી માટે પાત્ર તથા પોતાને રજૂ કરતા ડિરેક્ટરો | | |
| 1 | શ્રી સેવક નથુરમલ લખવાણી | 06393857 |
| 2 | શ્રી લલિત લાલચંદ વિધાણી | 01346594 |
| કલમ 160 હેઠળ ડિરેક્ટરોની નિમણૂક માટેના ઉમેદવારો | | |
| 3 | શ્રીમતી ભૈરવી અનિલકુમાર જૈન | 00256068 |
| 4 | શ્રી દીપક શ્યામદાસ લાખાણી | 07529875 |
| 5 | શ્રી હેમંત મોહનદાસ સદારંગાણી | 06530102 |
| 6 | શ્રી ઓમપ્રકાશ પારસરામ નાવાણી | 06470756 |

ડિરેક્ટર પદની ત્રણ (3) જગ્યાઓ માટે ચૂંટણી યોજાઈ રહી છે.

દરેક સભ્યને ડિરેક્ટર પદ માટે સ્પર્ધા કરતા કોઈપણ ત્રણ (3) ઉમેદવારોના સંબંધમાં મતદાન કરવાનો અધિકાર રહેશે. મતદાન માટે નીચેના વિકલ્પો ઉપલબ્ધ રહેશે:

પક્ષમાં (In Favour)

વિરોધમાં (Not in Favour)

મતદાનથી દૂર રહેવું (Abstain)

સભ્ય વધુમાં વધુ ત્રણ (3) ઉમેદવારોને "પક્ષમાં" મત આપી શકશે (કારણ કે માત્ર ત્રણ ડિરેક્ટરોની પસંદગી થવાની છે). તમામ ત્રણ ઉમેદવારોને "પક્ષમાં" મત આપવો ફરજિયાત નથી. સભ્ય પોતાની ઈચ્છા મુજબ એક, બે અથવા ત્રણ ઉમેદવારોને "પક્ષમાં" મત આપી શકે છે અથવા કોઈપણ ઉમેદવારના સંબંધમાં "વિરોધમાં" અથવા "મતદાનથી દૂર રહેવું" વિકલ્પ પસંદ કરી શકે છે.

મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેક ઉમેદવારને મળેલા માન્ય "પક્ષમાં" મતોની અલગથી ગણતરી કરવામાં આવશે અને સૌથી વધુ માન્ય "પક્ષમાં" મત મેળવનારા ત્રણ (3) ઉમેદવારોને કંપની અધિનિયમ, 2013, કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન તથા અન્ય લાગુ કાયદાઓને આધીન રહી ડિરેક્ટર તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે.

સભ્યોને ઉપરોક્ત બાબતની નોંધ લેવા તથા પોતાના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવે છે.

**રજીસ્ટર્ડ ઓફિસ :**
પ્લોટ નં.૪ અને ૫, ડીસી–૩, આદિપુર
(કચ્છ) પિન : ૩૭૦૨૦૫
તા.૧૨/૦૯/૨૦૨૬

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
**ચેરમેન**